નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૨૦/૦૩/૨૦૨૩ થી ૨૬/૦૩/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|






# નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લામાં નાર્કોટીકસ ડ્રગ્સની બદીને નેસ્તનાબુદ કરવા એસ.ઓ.જી. પો.ઇન્સ. પી.બી.પટેલીયા નાઓને આપેલ માર્ગદર્શન અને સુચના આધારે બાતમી મેળવી નવસારી ટાઉન વિસ્તારમાં આશિષ ટ્રેડસ નામની દુકાનમાં રેઇડ કરી દુકાનદાર/ આરોપી આશિષ કિશનભાઇ મનકાની છાપરા રોડ, નવસારીને ઝડપી પાડી તેના દુકાનમાં ગેરકાયદેસર રીતે રાખેલ હેલ્થ વોર્નિંગ વગરની સીગરેટ **(1) PARIS SPECIAL FILTER** પેકેટ નંગ ૪૮૦ કી.રૂ.૧,૪૪,૦૦૦/- **(2) ESSES LIGHTS** પેકેટ નંગ ૩૭૦ કી.રૂ. ૬૬,૬૦૦/- **(3) ESSE SPECIAL GOLD** પેકેટ નંગ ૨૭૦ કી.રૂ.૪૮,૬૦૦/- **(4) ESSE CHANGE** પેકેટ નંગ ૧૭૦ કી.રૂ.૩૦,૬૦૦/- **(5) DJARUM BLACK LIGHTS** પેકેટ નંગ ૨૦ કી.રૂ.૪,૦૦૦/- **(6) GUDANG GARAM INTERNATIONAL** પેકેટ નંગ ૧,૬૨૦ કી.રૂ. ૩,૨૪,૦૦૦/- મળી કુલ પેકેટ નંગ ૨,૯૩૦/-કી.રૂા.૬,૧૭,૮૦૦/-ની મતાનો મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી. ટીમ.



spnavsariofficial sp_navsari ☎ (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

**ડૉ.કરનરાજ વાઘેલા,(IPS) ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારીનાઓએ જીલ્લામાં બનતા વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર ડી.એસ. કોરાટનાઓને આપેલ સુચના અને માર્ગદર્શન આધારે એલ.સી.બી. પોલીસની ટીમ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે નવસારી વિસ્તારના ગ્રીડ ચાર રસ્તા ખાતે વોચ તપાસમાં રહી આરોપી યુસૂફ ગુલમહમંદ પઠાણ રહે. નવસારી પાસેથી એક કાળા કલરની હોન્ડા ડ્રીમ યુગા મોટર સાયકલ નંબર પ્લેટ વગરની કી.રૂા. ૨૦,૦૦૦/– મોબાઇલ ફોન – ૧ કી.રૂા. ૫,૦૦૦/– મળી કુલ રૂા. ૨૫,૦૦૦/– ના મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી. નવસારી પોલીસની ટીમ.**



spnavsariofficial sp_navsari ☎ (02637) 246

# નવસારી જીલ્લા પોલીસ

નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારના ચીલ ઝડપ(ઝુંટવી) લીઘેલાના ગુનાહિત મનુષ્ય વધ કરવાની કોશિષના બનેલ બનાવમાં સંડોવાયેલ ચાર આરોપીઓને સોનાની ચેઇન તથા અન્ય મુદ્દામાલ સાથે કુલ રુપિયા ૩,૭૬,૦૦૦/-ની મત્તા સાથે ઝડપી પાડી વણશોધાયેલ ગુનો શોધી કાઢતી એલ.સી.બી. નવસારી પોલીસ

<u>પકડાયેલ આરોપીઓ</u>

(૧) જુબેર મુસાભાઇ એકલવાયા રહે. નવાપુર, મહારાષ્ટ્ર
(૨) ઇમરાન મુસાભાઇ એકલવાયા રહે.ડાભેલ, નવસારી.
(૩) હારુન ઉર્ફે ચાંઉસ હસન હમજા રહે. ડાભેલ, નવસારી
(૪) ઇમરાન બસર શેખ, રહે. નવસારી







# નવસારી જીલ્લા પોલીસ

શ્રી પીયૂષ પટેલ IPS, અધિક પોલીસ મહાનિદેશક સુરત વિભાગ, સુરત નાઓએ નવસારી ખાતે ક્રાઈમ કોન્ફરન્સ દરમ્યાન નવસારી જિલ્લના બે હોમગાર્ડ સભ્ય (૧) શ્રી રાગેશભાઇ રમેશભાઇ ટંડેલ તથા (૨) શ્રી હિરલ શંકરભાઇ પટેલ નાઓએ તા.૧૪/૦૩/૨૦૨૩ના રોજ દાંડી બીચ ખાતે પોતાની ફરજ દરમ્યાન એક અજાણ્યો વ્યક્તિ ફીનાઇલ પી ગયેલ હોવા અંગેની હકીકત જાણવા મળતા તેઓ બંન્ને હોમગાર્ડ સભ્ય દ્વારા પ્રાથમિક સારવાર દાંડી પી.એચ.સી. ખાતે કરાવી વધુ સારવાર માટે નવસારી સિવિલ હોસ્પીટલ ખાતે લાવી તેઓનો જીવ બચાવવા અંગેની ઉત્તમ કામગીરી કરેલ જે બદલ બંન્ને હોમગાર્ડ સભ્યોને તથા શ્રીમતી મીનાબેન નિતીનભાઇ ટંડેલ, વુ.એ.એસ.આઇ, વિજલપોર પો.સ્ટે. નાઓએ વિજલપોર પો.સ્ટે.ના હથિયાર પરવાના રજીસ્ટર સૌથી વ્યવસ્થિત, સુવાચ્ય અને સંપુર્ણ નોંધ સાથેનુ નિભાવી સારી કામગીરી કરવા બદલ તમામને પ્રશંસા પત્રથી સન્માનિત કરવામાં આવેલ.





spnavsariofficial sp_navsari (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

પોલીસ અધિક્ષક, નવસારીનાઓએ જીલ્લામાં
મોબાઇલ ટાવર ઉપરથી કેબલોની ચોરી કરતા
બનાવો અટકાવવા તથા શોધી કાઢવા માટે આપેલ
સુચના અને માર્ગદર્શન આધારે ચીખલી, ગણદેવી
તથા નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી
રીલાયન્સ ઇન્ફ્રાકોન લી. કંપનીના ટાવરો ઉપરથી
ફીડર કેબલોની ચોરી કરી વેચાણ કરવા જતા બે
ઇસમો (૧) રાજેશભાઇ રમણભાઇ લાડ (૨) કલ્પેશ
કનુભાઇ પટેલને તાંબુ વજન ૨૦૧ કિલો ૫૫૦ ગ્રામ
કી.રૂ. ૧,૨૪,૯૬૧/- સ્વીફ્ટ ડીઝાયર કાર કી.રૂ.
૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન-૨ કી.રૂ.
૧૦,૦૦૦ મળી કુલ રૂ.૪,૩૪,૯૬૧/- ના મુદામાલ
સાથે ઝડપી પાડતી એલ.સી.બી નવસારી



spnavsariofficial sp_navsari (02637) 246303




નવસારી રૂરલ પોલીસ સ્ટેશનથી સંદીપ દેસાઇ પ્રાથમિક શાળાના SPC students નાઓને ઐતિહસિક સ્થળ દાંડીની મુલાકાત કરાવવામાં આવી.





ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત હર ઘર ધ્યાન, ઘર ઘર યોગ મદ્રેસા હાઇસ્કુલ નવસારી ખાતે તા. ૨૬/03/૨૦૨૩ના રોજ પોલીસ અધિકારી/ કર્મચારીઓ હાજર રહી ધ્યાન યોગ કરેલ.









